## આચાર્ય નરેંદ્ર દેવ કૃષિ અને ટેકનોલોજી યુનિવર્સિટી, અયોધ્યાના કુલપતિ ડૉ. બિજેન્દ્ર સિંઘની મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદની મુલાકાત

આણંદ કૃષિ યુનિવર્સિટીનું મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, મધ્ય ગુજરાતના શાકભાજી પાકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંશોધન કેન્દ્ર વિવિધ શાકભાજીના પાકો જેમ કે રીંગણ, ટામેટાં, મરચાં, ભીંડા, વેલાવાળા, ભાજી પાકો અને કઠોળવર્ગના શાકભાજી પાકો પર સંશોધન અખતરાઓ અને પાક સંર્વધનનુ કાર્ય કરે છે. આચાર્ય નરેંદ્ર દેવ કૃષિ અને ટેકનોલોજી યુનિવર્સિટી, અયોધ્યાના કુલપતિ ડૉ. બિજેન્દ્ર સિંઘ દ્વારા ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ આણંદ ખાતેના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી. આ સંશોધન કેન્દ્ર નવી જાતો અને ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણના વિકાસમાં મોખરે છે. ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), દ્વારા આવકારી નવી વિકસાવેલ જાતોની વિસ્તૃત માહિતી પૂરી પાડી. ડૉ. એન. એ. પટેલ અને ડૉ. એમ. એમ. પંડ્યા, મદદનિશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા સંશોધન કાર્યોની માહિતી આપી તથા શાકભાજી પાક સુધારણા અને બીજ ઉત્પાદન ટેકનોલોજીની પદ્ધતિઓના નિદર્શન કરવામાં આવેલ છે તે હાઇટેક નર્સરી તેમજ ભીંડા હાઇબ્રિડ બીજ ઉત્પાદન પ્લોટની મુલાકાત કરાવવામા આવી. ડૉ. બિજેન્દ્ર સિંઘ દ્વારા શાકભાજી પાકોના સંશોધન ક્ષેત્રે થયેલ નવીનતમ સંશોધન અને ખેડૂતોને વધુ સારું ઉત્પાદન તથા ગુણવત્તાવાળી જાતોના વિજ્ઞાનિક દ્રષ્ટિકોણ માટે અભિનંદન અને શુભેચ્છાઓ આપેલ.






RESEARCH FARM
MAIN VEGETABLE RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND



